જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૧/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

## " સોનાના વેપારીની ઇનોવા કારમાંથી કિલો-૧૦ કિ.રૂ. 3 કરોડના સોનાની લુંટ ચલાવનાર રાજસ્થાનની ગેંગના 3 સાગરીતોને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ"

**સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ મીલક્ત સબંધી ગુનાઓનો ભેદ ઉકેલી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી નાઓની સીધી દેખરેખ હેઠળ તેઓના સ્કવોર્ડના પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એસ.ગોહીલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એમ.પટેલ તથા સ્કવોર્ડના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા અને પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક ૧૯/૧૫ વાગે બહેરામપુરા જોગણી માતાના મંદિર પાસે આવતા સાથે પો. કો.ભુપેન્દ્રસિંહ તથા પો.કો. દિપકકુમાર નાઓને બાતમી હકીકત મળેલ કે,** " ત્રણ ઈસમો રાજસ્થાનમાં કોઈ જગ્યાએ કોઈ મોટી લૂંટ કરેલ છે અને લૂંટના ગુનાથી પોલીસથી બચવા સારૂ અમદાવાદ શહેરમાં આવેલ છે અને તેઓ ત્રણે ઈસમો ગીતા મંદિર તરફથી ચાલતા આવી અત્રે જોગણી માતાના મંદિર થઈ કાંકરીયા તરફ જનાર છે."**જે બાતમી હકીકત આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એસ.ગોહીલ નાઓએ રેઈડનું આયોજન કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ છુટાછવાયા હાજર રહી વોચ કરતા બાતમીવાળા ઈસમો ગીતા મંદિર તરફથી ચાલતા આવતા જણાતા કોર્ડન કરી રોકી લીધેલ જેઓના નામઠામ પુછતાં (૧)** શીવસિંગ ચેનસિંગ જાતે રાજપુત ઉ.વ.૩૦ રહે.ગામ રણશી તા.બિલાડા જી. જોધપુર રાજસ્થાન (૨) કરણવીરસિંગ જબ્બરસિંગ જાતે રાજપુત ઉ.વ.૩૦ રહે.ગામ શંબાડીયા તા.બિલાડા જી. જોધપુર રાજસ્થાન તથા (૩) લાધુસિંગ ઉર્ફે લાખન દિલીપસિંગ જાતે રાજપુત ઉ.વ.૩૨ રહે.ગામ શંબાડીયા તા.બિલાડા જી. જોધપુર રાજસ્થાન નાઓ હોવાનું જણાવેલ જેઓને પુછપરછ કરતાં જણાવેલ કે, "ગઈ તા.૨૦/૧૦/૨૦૧૬ ના રોજ જયપુર થી જોધપુર જતી ઈનોવાકારને પોતાના સાગરીતો સાથે સ્કોર્પીયો કારમાં આવી રોકી ઈનોવાકારમાંથી સોનાના ૧૦-કિલો બિસ્કીટની લૂંટ કરેલ જે ગુનામાં પકડાયેલ નહી હોવાનું અને પોલીસના ડરના કારણે અમદાવાદ ખાતે ભાગીને આવતા રહેલ હોવાનું જણાવતા હોય" જે બાબતે રાજસ્થાન ખાતે ખાતરી તપાસ કરાવતા જોધપુર જિલ્લાના બિલાડા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુના નંબર ૩૮૮/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ ૩૯૫, ૩૪૧ , ૩૨૩, ૪૨૭ વિ. મુજબનો ગુનો દાખલ થયેલ હોય. જેથી ઉપરોકત ત્રણે ઈસમોને સી.આર.પી.સી. કલમ ૪૧ (૧) (એ) મુજબ તા.૦૪/૧૧/૨૦૧૬ ના કલાક ૨૦/૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

આ ગુના સંબંધે હકીકત એવી છે કે, રાજસ્થાન ખાતે સોના ચાંદીના વેપારી ચંદ્રપ્રકાશ ખત્રીના માણસો ની ઈનોવાકારમાં સોનાના બિસ્કીટ કિલો-૧૦ લઈ જયપુરથી જોધપુર તરફ વેપારીના માણસો ઈનોવાકારમાં જઈ રહેલ હતા ત્યારે આ કામના પકડાયેલ આરોપીઓ તથા તેમના બીજા સાગરીતો જેમાં ભોમસિંગ , મનોહરસિંગ, પ્રેમસિંગ, શક્તિસિંગ, જેઠુસિંગ, ભીખસિંગ વિગેરે મળી કુલ્લે-૧૪ માણસો બે સ્કોર્પીયો કાર તથા એક બોલેરો કેમપર તથા એક સ્વીફટ કારમાં આવી ઈનોવાકારને રોકી તેમાં



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

બનાવેલ અન્ડર ગ્રાઉન્ડ બોકસ તોડી તેમાંથી સોનાના બિસ્કીટ કિલો-૧૦ જેની અંદાજીત કિ.રૂ. ૩,૦૦,૦૦,૦૦૦/- ( રૂપીયા ૩ કરોડ) ની લૂંટને અંજામ આપેલ હોવાની કબૂલાત કરેલ છે.

આ લૂંટ કરવા અંગેની ટીપ અગાઉ સોના ચાંદીના વેપારી ચંદ્રપ્રકાશ ખત્રીના ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા પુરષોતમ ઉર્ફે બાવજી નાઓએ આપેલ હોવાનું જણાવેલ છે.

તાજેતરમાં પકડાયેલ ત્રણે ઈસમો રાજસ્થાન ખાતે અન્ય ગુનામાં પકડાઈ ચુકેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)